કલેક્ટર
અને
જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી
જિલ્લા સેવા સદન, આહવા, જિ.ડાંગ-૩૯૪૭૧૦

ફોન નં:-૦૨૬૩૧-૨૨૦૨૦૧
ફેક્સ નં:-૦૨૬૩૧-૨૨૦૨૯૪
ઇ-મેઇલ:-collector-dan@gujarat.gov.in
website: https://dangs.gujarat.gov.in
website : https://dangs.nic.in

સત્યમેવ જયતે

ક્રમાંક:ફજદ/કોવિડ-૧૯-જાહેરનામું/વશી. ૨૯૩૯ થી ૨૯૫૮/૨૦૨૧ તા. ૧૦/૦૭/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ – ૧૪૪, ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ,૨૦૨૦ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) અને ૩૭(૩) તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ અન્વયે જાહેરનામું**

વંચાણમાં લીધું :

(૧) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના તા.૨૯.૪.૨૦૨૧ના હુકમ ક્રમાંક:૪૦-૩/૨૦૨૦/ DM-I(A).

(૨) ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૪.૬.૨૦૨૦ના હુકમ ક્રમાંક:Z28015/19/2020-EMR(PT).

(૩) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૯.૦૭.૨૦૨૧ના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૦/૪૮૨-B.

(૪) અત્રેના તા.૨૫/૬/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:ફજદ/કોવિડ-૧૯/જાહેરનામુ/વશી-૨૩૧૨ થી ૨૩૪૧/૨૦૨૧.

(૫) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) કલમ-૧૪૪.

(૬) ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ,૨૦૨૦.

(૭) ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫.

(૮) અત્રેની કચેરીની નોંધ, તા.૧૦ .૦૭.૨૦૨૧.

// જાહેરનામું //

નોવેલ કોરોના વાઇરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. સમગ્ર ભારત દેશમાં નોવેલ કોરોના વાઇરસ COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, The Disaster Management Act,2005 થી મળેલ સત્તા અન્વયે ભારત સરકારશ્રીના કેન્દ્રિય ગૃહ મંત્રાલયના તા.૨૯.૦૪.૨૦૨૧ના હુકમ તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૯.૦૭.૨૦૨૧ના હુકમ સહિતના વિવિધ હુકમો દ્વારા સમયાંતરે Surveillance, Containment અને COVID-19 ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે.

છેલ્લા થોડાંક માસથી સમગ્ર દેશમાં કોવિડ-૧૯ના એક્ટિવ કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયેલ છે. તેમ છતાં COVID-19 ના સંક્રમણને રોકવા તથા તેને સંપૂર્ણપણે નાબૂદ કરવા સાવચેતી તથા નિયત કન્ટેઇનમેન્ટ સ્ટ્રેટેજીનું પાલન કરવુ આવશ્યક જણાતાં, Surveillance, Containment અને COVID-19ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાના ચુસ્તપણે અમલીકરણ માટે National Disaster Management Authorityના નિર્દેશો મુજબ સમગ્ર રાજ્યમાં અમલમાં મુકવામાં આવેલ માર્ગદર્શિકાની સમયમર્યાદા ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા વંચાણ-૩ના તા.૦૯.૦૭.૨૦૨૧ના હુકમથી તા.૧૦.૦૭.૨૦૨૧ના સવારના ૦૬.૦૦ કલાકથી તા.૨૦.૦૭.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમગ્ર સમયગાળા સુધી લંબાવવામાં આવેલ છે.

તદ્નુસાર વંચાણ-(૩)ની વિગતે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) તથા ૩૭(૩) અને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ અન્વયે સમગ્ર ડાંગ જિલ્લામાં વંચાણ-(૪)થી લાગુ કરવામાં આવેલ જાહેરનામામાં દર્શાવેલ નિયંત્રણોના સ્થાને નીચે મુજબના નિયંત્રણો તા.૧૦.૦૭.૨૦૨૧ના સવારના ૦૬.૦૦ કલાકથી તા.૨૦.૦૭.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમગ્ર સમયગાળા સુધી લંબાવવામાં આવે છે.

A. તમામ દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્સ, માર્કેટીંગ યાર્ડ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર, રેસ્ટોરેન્ટસ, અઠવાડીક ગુજરી/બજાર/હાટ તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિઓ ચાલુ રાખી શકાશે. (તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓએ તા.૩૧.૦૭.૨૦૨૧ સુધીમાં વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે અન્યથા આવા વાણિજ્યિક એકમો ચાલુ રાખી શકાશે નહીં.)

Scanned with CamScanner

B. જીમ ૬૦% ક્ષમતા સાથે કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ચાલુ રાખી શકાશે. (તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓએ તા.૩૧.૦૭.૨૦૨૧ સુધીમાં વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે અન્યથા આવા જીમ ચાલુ રાખી શકાશે નહીં.)

C. જાહેર બાગ-બગીચાઓ રાત્રિના ૦૯:૦૦ કલાક સુધી જાહેર જનતા માટે કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ખુલ્લા રાખી શકાશે.

D. આ સમયગાળા દરમ્યાન લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૧૫૦(એકસો પચાસ) વ્યકિતઓની મંજૂરી રહેશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઈ યથાવત રહે છે.

E. અંતિમક્રિયા/દફનવિધી માટે મહત્તમ ૪૦ (ચાળીસ) વ્યકિતઓની મંજુરી રહેશે.

F. તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમોમાં તેમજ ધાર્મિક સ્થળોમાં કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન,ખુલ્લામાં મહત્તમ ૨૦૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૨૦૦ વ્યકિતઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઈ શકશે.

G. વાંચનાલયો ૬૦% ક્ષમતા સાથે કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ચાલુ રાખી શકાશે. (તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓએ તા.૩૧.૦૭.૨૦૨૧ સુધીમાં વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે અન્યથા આવા વાંચનાલયો ચાલુ રાખી શકાશે નહીં.)

H. ધો.૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો/ટ્યુશન ક્લાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦% વિદ્યાર્થીઓ સાથે બેચવાઈઝ કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે ચાલુ રાખી શકાશે. (તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ, શિક્ષકો તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓએ તા.૩૧.૦૭.૨૦૨૧ સુધીમાં વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે અન્યથા આવા કોચીંગ સેન્ટરો/ટ્યુશન ક્લાસીસ ચાલુ રાખી શકાશે નહી.)

I. શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે યોજી શકાશે.

J. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ મહત્તમ ૭૫% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટને કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવે છે. (તમામ ડ્રાઈવર અને કંડકટર એ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધેલ હોય તે અનિવાર્ય રહેશે.)

K. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ/સ્પોર્ટ્સ સ્ટેડીયમ/સંકુલમાં રમતગમત ચાલુ રાખી શકાશે.(રમતગમતમાં ભાગ લેનાર ખેલાડી, સપોર્ટ સ્ટાફ ગ્રાઉન્ડ સ્ટાફ દ્વારા વેક્સીનનો પ્રથમ ડોઝ લીધેલ હોય તે અનિવાર્ય રહેશે.)

L. સિનેમા થિયેટરો, ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો મહત્તમ ૬૦% કેપેસીટીમાં ચાલુ રાખી શકાશે.( તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓએ તા.૩૧.૦૭.૨૦૨૧ સુધીમાં વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે અન્યથા આવા સિનેમા થિયેટરો, ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો ચાલુ રાખી શકાશે નહી.)

M. શૈક્ષણિક સંસ્થાઓ(ઓનલાઈન શિક્ષણ સિવાય), વોટર પાર્ક, સ્પા, સ્વિમીંગ પુલ બંધ રહેશે.

N. ઉપરોક્ત A, B, G, H, J, K, L માં જણાવેલ બાબતો સંદર્ભમાં જે વ્યકિતઓના RTPCR ટેસ્ટ પોઝીટીવ આવેલ હોય તેવા કિસ્સાઓમાં RTPCR ટેસ્ટ પોઝીટીવ આવ્યાના ૧૪ દિવસથી/ હોસ્પિટલની Discharge Summaryની તારીખથી ૯૦ દિવસ પૂર્ણ થયા બાદ તુરંત જ વેક્સીનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે.

O. અન્ય રાજ્યોમાંથી ડાંગ જિલ્લામાં પ્રવેશ કરતાં મુસાફરોને RTPCR Test સંબંધમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ લાગુ રહેશે.

P. તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

Scanned with CamScanner

આ હુકમના ભંગ બદલ THE EPIDEMIC DISEASES ACT 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઈઓ, INDIAN PENAL CODEની કલમ ૧૪૪ તથા THE DISASTER MANAGEMENT ACTની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

// જાહેર વિજ્ઞપ્તિ //

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરું છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવી તથા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેક્ટર, પોલીસ ઈન્સપેક્ટર, મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે જાહેરાતની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરવામાં આવ્યો.

(ભાવિન પંડ્યા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

Scanned with CamScanner